# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1) **બિહારમાં મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના નેતૃત્વ હેઠળના રાજ્ય મંત્રીમંડળનું વિસ્તરણ.**

2) **આતંકવાદ વિરુદ્ધ ભારતીય સેનાની કાર્યવાહી "ઑપરેશન સિંદૂર"ને એક વર્ષ પૂર્ણ – પ્રધાનમંત્રીએ કહ્યું, દેશ આતંકવાદ અને તેના સમર્થકોનો નાશ કરવા પોતાના સંકલ્પ પર મક્કમ.**

3) **પંજાબના મોહાલી અને ચંદીગઢમાં 12 સ્થળ પર EDનું તપાસ અભિયાન.**

4) **અમેરિકાએ હોર્મૂઝ સામુદ્રધૂનીથી વાણિજ્યિક જહાજોને સુરક્ષિત બહાર કાઢવા શરૂ કરેલા અભિયાન "પ્રોજેક્ટ ફ્રિડમ"ને અટકાવ્યું.**

5) **IPL ક્રિકેટમાં લખનઉ સુપર જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે આજે લખનઉમાં મુકાબલો.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# BIHAR-CABINET EXPANSION

બિહારમાં મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના નેતૃત્વ હેઠળના રાજ્ય મંત્રીમંડળનું વિસ્તરણ કરાયું. પટનાના ગાંધી મેદાનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત NDAના અનેક વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતિમાં શપથ ગ્રહણ સમારોહ યોજાયો.

રત્નેશ સદા, કુમાર શૈલેન્દ્ર, શીલા કુમાર, કેદાર પ્રસાદ ગુપ્તા અને લખેન્દ્ર કુમાર રોશને પદ અને ગુપ્તતાના શપથ ગ્રહણ કર્યાં. જ્યારે નિશાંત કુમાર, વિજય કુમાર સિન્હા, દિલીપ જયસ્વાલ, લેસી સિંહે મંત્રી પદના શપથ લીધા. આ ઉપરાંત નીતિશ મિશ્રા, રામકૃપાલ યાદવ, અશોક ચૌધરીએ શપથ લીધા છે. રાજ્યપાલ સૈયદ અતા હસનૈને નવનિયુક્ત મંત્રીઓને શપથ લેવડાવ્યા હતા.

# OPERATION SINDOOR

ભારતીય સેનાએ આજે “ઑપરેશન સિંદૂર”ની પહેલી વર્ષગાંઠ પર એક વીડિયો જાહેર કર્યો. તેમાં પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ વિરુદ્ધ ભારતની સુવ્યવસ્થિત, સટીક અને અસરકારક કાર્યવાહીને દર્શાવાઈ છે. ભારતીય સેનાએ સોશિયલ મીડિયા સંદેશમાં દેશની દ્રઢ પ્રતિક્રિયા પર પ્રકાશ પાડ્યો અને દેશના સાર્વભૌમત્વ તથા નાગરિકોની સુરક્ષા પ્રત્યે પોતાના પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

(VC: PRACHI BAJPEYEE)

# OPERATION SINDOOR SM POST- 1

આતંકવાદ વિરુદ્ધ ભારતીય સેનાએ કરેલા અભિયાન "ઑપરેશન સિંદૂર"ને એક વર્ષ પૂર્ણ થતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ સહિતના મહાનુભાવોએ ભારતીય સેનાને નમન કર્યું.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું, દેશ આતંકવાદ અને તેના સમર્થકોનો નાશ કરવા પોતાના સંકલ્પ પર મક્કમ છે. ભારતીય સશસ્ત્ર દળોએ "ઑપરેશન સિંદૂર" દરમિયાન અદ્વિતીય સાહસ, સટીકતા અને દ્રઢ સંકલ્પનું પ્રદર્શન કર્યું હતું. તેમણે કહ્યું, સુરક્ષા દળોએ પહલગામમાં નિર્દોષ નાગરિકો પર હુમલો કરનારાઓને જડબાતોડ જવાબ આપ્યો હતો.

શ્રી મોદીએ "ઑપરેશન સિંદૂર" આતંકવાદ વિરુદ્ધ ભારતના દ્રઢ પ્રતિક્રિયા અને રાષ્ટ્રીય સુરક્ષાના સંરક્ષણ પ્રત્યે તેમની અતૂટ પ્રતિબદ્ધતાને દર્શાવે છે તેમ પણ ઉંમેર્યું.

(BYTE: NARENDRA MODI, PM)

# OPERATION SINDOOR SM POST- 2

તો, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું, દેશના સશસ્ત્ર દળોનું સાહસ અને સમર્પણ સતત રાષ્ટ્રની સુરક્ષા સુનિશ્ચિત કરી રહ્યું છે. "ઑપરેશન સિંદૂર" દરમિયાન સેનાની કાર્યવાહીએ સટીક રણનીતિ, ત્રણેય સેનાઓના ઉત્તમ તાલમેલ અને સંકલનનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું, જે આધુનિક સૈન્ય અભિયાન માટે એક નવું ઉદાહરણ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "ઑપરેશન સિંદૂર" એક એવું અભિયાન રહ્યું, જે હંમેશા આપણા દુશ્મનોને સેનાની શક્તિને યાદ અપાવતું રહેશે. સોશિયલ મીડિયા સંદેશમાં "ઑપરેશન સિંદૂર"ના એક વર્ષ પૂર્ણ થવા નિમિત્તે શ્રી શાહે કહ્યું, ઇતિહાસમાં આ દિવસને ભારતીય સશસ્ત્ર દળોની શક્તિ અને તેમની સટીક નિશાન લગાવવાની ક્ષમતા તથા દેશની ગુપ્તચર સંસ્થાઓની સમજદારી માટે યાદ કરાશે.

# PREZ- OP SINDOOR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઓપરેશન સિંદૂરને આતંકવાદ અને રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને નાગરિકોની સલામતી માટે જોખમી તમામ શક્તિઓ સામેના અદમ્ય સંકલ્પનો નિર્ણાયક પુરાવો ગણાવ્યો.

ઓપરેશન સિંદૂરની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે સોશિયલ મીડિયા સંદેશમાં, રાષ્ટ્રપતિએ કહ્યું કે આ અભિયાનની સફળતા આપણા સશસ્ત્ર દળોની અપ્રતિમ હિંમત અને દૃઢ નિશ્ચયને દર્શાવે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે પહલગામ હુમલાનો યોગ્ય અને સચોટ જવાબ અપાયો હતો. તેમણે કહ્યું કે આજે રાષ્ટ્ર આપણા સૈનિકોની અદમ્ય બહાદુરીને સલામ કરે છે.

ઉપરાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે આપણા સશસ્ત્ર દળોની અતૂટ હિંમત અને બહાદુરીએ ખાતરી આપી કે આતંકવાદી નેટવર્કને નિશાન બનાવવામાં આવ્યા અને તેનો નાશ કરવામાં આવ્યો.

# PROFILE PICTURE OPERATION SINDOOR

ભારતીય સશસ્ત્ર દળના અદભૂત શૌર્ય અને સાહસના પ્રમાણ "ઑપરેશન સિંદૂર"ને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. તેને લઈ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય સશસ્ત્ર દળોના શૌર્યને સન્માન આપવા પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પ્રોફાઈલ પિક્ચર બદલ્યું છે. તેમણે ઑપરેશન સિંદૂર દરમિયાન આપણા સશસ્ત્ર દળોની સફળતા અને તેમના પ્રત્યે સન્માન વ્યક્ત કરવા દેશવાસીઓને પણ પોતાના સોશિયલ મીડિયા હૅન્ડલ પર પ્રોફાઈલ પિક્ચર બદલવાની અપીલ કરી છે.

શ્રી મોદીની સાથે મંત્રીમંડળના મંત્રીઓએ પણ સોશિયલ મીડિયા હૅન્ડલ પર પોતાનું પ્રોફાઈલ પિક્ચર બદલ્યું છે. તે તસવીરમાં કાળા રંગની પૃષ્ઠભૂમિ પર ઑપરેશન સિંદૂર શબ્દ અને તેની ઉપર રાષ્ટ્રધ્વજ અંકિત છે. ઑપરેશન સિંદૂર દરમિયાન સેનાએ અદ્વિતીય સાહસ, સટીકતા અને દ્રઢ સંકલ્પનું પ્રદર્શન કર્યું હતું. દેશને સેનાના અદમ્ય સાહસ, અતૂટ સંકલ્પ અને કર્તવ્યનિષ્ઠા પર ગર્વ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ED PUNJAB

પ્રવર્તન નિદેશાલય – ED પંજાબના મોહાલી અને ચંદીગઢમાં 12 સ્થળ પર તપાસ અભિયાન હેઠળ તપાસ કરી રહી છે. આ કાર્યવાહી ગ્રેટર મોહાલી ક્ષેત્ર વિકાસ સત્તામંડળ – G.M.A.D.A પાસેથી જમીન ઉપયોગ પરિવર્તન પરવાના મેળવવા અંગે થયેલી છેતરપિંડી અને નાગરિકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી મામલે કરવામાં આવી રહી છે.

ED દ્વારા નીતિન ગોહલની તપાસ કરવામાં આવી રહી છે. તેમની ઉપર G.M.D.D.A વેરાની ચૂકવણી ન કરનારા બિલ્ડરોની મદદ કરવા અને તેમને રાજકીય આશરો આપવાનો આક્ષેપ છે. તેઓ પંજાબના મુખ્યમંત્રીના વિશેષ કાર્ય પર તહેનાત અધિકારી રાજબીર ગુહમનના નજીકના સહયોગી છે. નિદેશાલયે જણાવ્યું, નીતિન ગોહલ પર પંજાબના મુખ્યમંત્રી કાર્યાલય તરફથી સંપર્ક અધિકારી તરીકે કામ કરવાની આશંકા પણ છે.

# MANDAVIYA - HEALTH CHECK UP

કેન્દ્રિય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ દિલ્હીમાં નવા શ્રમ સંહિતા હેઠળ 40 વર્ષ અને તેનાથી વધુ વયના શ્રમિકો માટે રાષ્ટ્રવ્યાપી વાર્ષિક આરોગ્ય તપાસ પહેલનો પ્રારંભ કરાવ્યો. આ પહેલ વ્યાવસાયિક આરોગ્ય પ્રણાલીઓને મજબૂત બનાવવા અને દેશના કાર્યબળ માટે વ્યાપક આરોગ્ય સંભાળની સુલભતા સુનિશ્ચિત કરવા તરફ એક મહત્વનું પગલું છે.

નવી દિલ્હીમાં કર્મચારી રાજ્ય વીમા નિગમ –ESIC મેડિકલ કોલેજ અને હોસ્પિટલનું ઉદ્ઘાટન કરતા શ્રી માંડવિયાએ કહ્યું ESIC હેઠળ આવરી લેવાયેલા લોકોની સંખ્યા એક દાયકામાં 7 કરોડથી વધીને 15 કરોડ થઈ છે. તેમણે કહ્યું કે આ યોજના ગંભીર આરોગ્ય કટોકટી દરમિયાન શ્રમિકોને વ્યાપક તબીબી કવરેજ, તેમજ પ્રસૂતિ લાભો, કાર્યસ્થળ અકસ્માતો માટે વળતર અને બેરોજગારી દરમિયાન નાણાકીય સહાય પૂરી પાડે છે.

(BYTE: MANSUKH MANDVIYA)

# DAY KERALAM CONGRESS PARTY- TN - DMK

કેરલમમાં નવી સરકાર બનાવવા કોંગ્રેસ પક્ષ ચર્ચા કરી રહ્યું છે. કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુડીએફે રાજ્યની 140 વિધાનસભા બેઠકોમાંથી 102 બેઠકો જીતી છે. ચેન્નાઈથી તિરુવનંતપુરમ પહોંચ્યા બાદ રાજ્યપાલનો સંપર્ક કરાશે.

બીજી તરફ તમિળનાડુમાં DMKના વડા એમકે સ્ટાલિને કહ્યું તેમનો પક્ષ રાજ્યમાં નવા પક્ષને અપાયેલા જનાદેશનું સન્માન કરે છે અને ફરીથી ચૂંટણી કે કોઈ બંધારણીય કટોકટી ઇચ્છતા નથી. તેમણે કહ્યું કે તેમનો પક્ષ નવી સરકારની રચનામાં અવરોધ નહીં લાવે. શ્રી સ્ટાલિને DMK આગામી સરકાર બનાવવા AIADMK સાથે વાટાઘાટો કરી રહી હોવાની અફવાઓને ફગાવી દીધી છે.

# TRUMP HORMUZ

અમેરિકાએ હોર્મૂઝ સામુદ્રધૂનીથી વાણિજ્યિક જહાજોને સુરક્ષિત બહાર કાઢવા શરૂ કરેલા અભિયાન “પ્રોજેક્ટ ફ્રિડમ”ને અટકાવી દીધું. સાઉદી અરબે આ અભિયાનમાં સામેલ અમેરિકાના વિમાનોને મંજૂરી નથી આપી.

સ્થાનિક માધ્યમોના અહેવાલ મુજબ, રવિવારે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની આ જાહેરાત બાદથી સાઉદી અરબ અને અન્ય અખાતી દેશ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. અહેવાલમાં જણાવાયું હતું કે, ટ્રમ્પે સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે વાત કરી, પરંતુ કોઈ સમજૂતી ન થઈ શકી.

દરમિયાન ઈરાનના બંદર અને દરિયાઈ સંગઠને જાહેરાત કરી કે, તેઓ હોર્મૂઝ જળમાર્ગમાં વાણિજ્યિક જહાજોને દરિયાઈ, ટૅક્નિકલ અને તબીબી સહાય સેવા પૂરી પાડવા તૈયાર છે.

# IPL CRICKET TODAY

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં આજે લખનઉ સુપર જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે મુકાબલો થશે. લખનઉના ભારતરત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યે આ મેચ શરૂ થશે. લખનઉની ટીમ રિષભ પંત અને બેંગ્લુરુની ટીમ રજત પાટીદારની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

પૉઈન્ટ ટેબલમાં હાલ બેંગ્લુરુની ટીમ ત્રીજા અને લખનઉની ટીમ 10મા ક્રમાંક પર છે.

# RABINDRANATH TAGORE TRIBUTE

રાષ્ટ્રગીત “જન ગણ મન”ના રચયિતા અને મહાનકવિ રવિન્દ્રનાથ ટાગોરની આજે જન્મજયંતી છે. સાત મે 1861ના રોજ કલકત્તામાં ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ થયો હતો. તેઓ ભારતના પહેલા નૉબેલ પુરસ્કાર વિજેતા હતા અને સાહિત્ય ક્ષેત્રે આ પુરસ્કાર મેળવનારા પહેલા બિનયુરોપિયન વ્યક્તિ હતા.

# PRADHAN CHANDRANATH RATH

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આક્ષેપ લગાવતા કહ્યું, ભાજપના નેતા શુભેન્દુ અધિકારીના અંગત સહાયક ચંદ્રનાથ રથની હત્યા મમતા બેનરજીનાં નેતૃત્વ હેઠળની તૃણમૂલ કૉંગ્રેસ સરકાર દ્વારા ફેલાયેલી હિંસાની રાજનીતિનું વધુ એક ભયજનક ઉદાહરણ છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પ્રધાને આ ઘટનાને લોકશાહી પદ્ધતિથી ચૂંટાયેલા પ્રતિનિધિઓને તૃણમૂલની વિરોધ પક્ષની સરકાર દ્વારા નુકસાન પહોંચાડવાની સમજીવિચારેલું ષડયંત્ર ગણાવ્યું.

બંગાળની જનતા ડરાવવા અને ધમકાવવાની રાજનીતિ સહન નહીં કરે અને કોઈ પણ રાજકીય હિંસાનું કાયદાકીય રીતે સમાધાન કરાશે, તેમ પણ શ્રી પ્રધાને ઉમેર્યું.